# ચીનમાં પ્રચંડ ભૂકંપ : ૫૦નાં મોત

**ભૂકંપમાં ૧૫૦થી વધુ લોકો ઘાયલ : કલાકોનાં ગાળામાં ૧૬ જેટલાં આફ્ટરશોક્સથી લોકોમાં દહેશત ફેલાઈ : ૨૦૦૦૦થી વધુ મકાનોને નુકસાન થયું**



બેજિંગ,તા. ૭

દક્ષિણપશ્ચિમ ચીનના યુનાન અને ગુઈઝાઉ પ્રાંતમાં આજે ૫.૭ની તીવ્રતાનો પ્રચંડ ભુકંપનો આંચકો આવ્યો હતો. ધરતીકંપના કારણે ઓછામાં ઓછા ૧૫૦ લોકો ઘાયલ થયા હતા. જે પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે.

ધરતીકંપના કારણે ૨૦૦૦૦થી વધારે મકાનોને નુકસાન થયું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સ્થાનિક સમય મુજબ ૧૧.૧૯ વાગે આંચકો આવ્યો હતો. ભૂકંપના કારણે પડોશી ગુઈઝાઉના વેઈયિંગ અને યુનાન પ્રાંતને માઠી અસર થઈ હતી. ભુંકપનું કેન્દ્ર ભુગર્ભમાં હોવાથી પ્રમાણમાં ઓછુ નુકસાન થયું છે. જોકે મોતનો આંકડો ૫૦ ઓછો નથી. ઈજાગ્રસ્ત થયેલા તમામ લોકો યિલિયાંગ પ્રાંતના છે. યુનાન પ્રાંતના ગૃહ વિભાગે માહિતી આપતા કહ્યું છે કેબપોરે એક વાગ્યા સુધી ૧૬ જેટલા આંચકા આવી ચુક્યા હતા. યુનાન પ્રાંતના ગૃહ વિભાગે કહ્યું છે કે ૨૦૦૦૦થી વધુ મકાનોને નુકસાન થયું છે. ભુંકપનું કેન્દ્ર યિલિયાંગથી ૧૫ કિલોમીટરના અંતરે સ્થિત હતું. ગુઈઝાઉ પ્રાંતમાં કોઈના મોતના સમાચાર હજુ સુધી મળ્યા નથી. આફ્ટર શોક્સના લીધે લોકોમાં સતત દહેશત રહી હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. બચાવ અને રાહત ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં મોકલી દેવામાં આવી છે. મોતનો આંકડો વધી શકે છે. નાગરિક બાબતોના વિભાગે અસરગ્રસ્ત પ્રાંતોમાં મોટી સંખ્યામાં જરૂરી સાધન સામગ્રી મોકલી છે. જેમાં ટેન્ટ અને ખાવા પીવાની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. ચીનમાં તાજેતરના વર્ષોમાં અનેક વખત ધરતીકંપના આંચકા આવી ચુક્યા છે.

## મુંબઇમાં રિફાઇનરીઓ ઉપર હુમલાનો ખતરો છે

મુંબઈ,તા.૭

મુંબઈમાં બે મહાકાય ઓઈલ રિફાઈનરીઓની આસપાસ સુરક્ષા વ્યવસ્થા ખુબ જ મજબુત બનાવી દેવામાં આવી છે. સંભવિત આતંકવાદી હુમલા અંગે ઈન્ટલિજન્સ ચેતવણી મળ્યા બાદ સાવચેતીનાં પગલા લેવામાં આવી રહ્યા છે. સમગ્ર તપાસ પ્રક્રિયા ઉપર નજર રાખી રહેલા એક પોલીસ અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે નહીં જણાવ્યું છે કે ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ લિમિટેડની રિફાઈનરીની આસપાસ સુરક્ષા તીવ્ર બનાવી દેવામાં આવી છે. સાથે સાથે એલર્ટની પણ જાહેરાત કરવામાં આવી છે. સંભવિત આતંકવાદી હુમલા અંગે માહિતી મળ્યા બાદ સુરક્ષા વધારવામાં આવી રહી છે. રાજ્ય પોલીસની સાથે મળીને સીઆઈએસએફ દ્વારા આ સંસ્થાઓની આસપાસ સુરક્ષા તીવ્ર કરવામાં આવી છે. જો કે આતંકવાદી એલર્ટનાં સંબંધમાં વધુ માહિતી આપવામાં આવી નથી. બે જાહેર ક્ષેત્રની રિફાઈનરીઓ દેશનાં અગ્રણી ન્યુક્લિયર રિસર્ચ સેન્ટર ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરની બિલકુલ નજીક છે. ચેમ્બુરમાં રિફાઈનરીમાં દર વર્ષે ૨૦ મિલિયન ટન ફ્યુઅલનું ઉત્પાદન થાય છે.

## મહિના લાંબા સત્રમાં માત્ર ચાર બિલ પાસ થઈ શક્યા


નવી દિલ્હી, તા.૭

સંસદના મોનસૂન સત્રમાં આ વખતે ૭૫ ટકા સમય બગડી ગયો છે. ભારે ધાંધલ ધમાલ અને હોબાળા વચ્ચે કામગીરી સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. મહીના સુધી ચાલેલા સત્રમાં માત્ર ચાર જ બિલ પાસ થઈ ચૂક્યા છે. ૧૦૦થી વધુ બિલ હજુ પણ પેન્ડીંગ રહેલા છે. સંસદની કામગીરી ખોરવાઈ જતાં લોકો ભારે નારાજ દેખાઈ રહ્યા છે. આ સેશનમાં માત્ર ૨૫ ટકા સમય જ કામ થયું છે. ૭૫ ટકા સમય બગડી ગયો છે. લોકસભા દ્વારા ત્રણ બિલ પાસ કરવામાં આવ્યા છે જ્યારે બંને ગૃહો દ્વારા ચાર બિલ પાસ કરવામાં આવ્યા છે. ૨૦૦૯ બાદથી દરેક પાંચ બિલ પૈકી એક બિલ પાંચ મિનિટ કરતા પણ ઓછા સમય સુધી ચર્ચા સાથે પાસ કરવામાં આવ્યા છે. ૧૦૦થી વધુ બિલ સંસદ સમક્ષ પેન્ડીંગ રહેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૭૬માં ૧૧૮ બિલ સંસદે પાસ કર્યા હતા. કોઈ એક વર્ષમાં બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવેલા બિલની આ સૌથી મોટી સંખ્યા છે. વર્ષ ૨૦૦૪માં સંસદે માત્ર ૧૮ બિલ પાસ કર્યા હતા. ૧૯૫૦માં લોકસભા સરેરાશ ૧૨૭ દિવસ મળતી હતી અને રાજ્યસભા ૯૩ દિવસ માટે મળતી હતી. સેશનગાળો વર્ષ ૨૦૧૧માં બંને ગૃહો માટે ઘટાડીને ૭૩ દિવસ કરી દેવામાં આવ્યો હતો. કામગીરી ખોરવાઈ જવાના કારણે લોકોમાં વ્યાપક રોષ છે. આંકડા દર્શાવે છે કે લોકસભામાં નિર્ધારિત સમય પૈકી ૨૨ ટકા સમય જ કામ થયું છે. જ્યારે રાજ્યસભામાં ૨૯ ટકા સમય સુધી કામ થયું છે. હજુ સુધી ધાંધલ ધમાલના કારણે કામગીરી ઠપ રહી છે. આ વખતે કોલસા બ્લોક ફાળવણીના મામલે ધાંધલ ધમાલથી ૧૨ દિવસ બગડી ગયા હતા. ભાજપ સહિતના વિરોધ પક્ષો રાજીનામાની માંગ પર મક્કમ રહ્યા છે.

## રાષ્ટ્રપતિ આજથી બે દિવસની યાત્રા ઉપર ચૈન્નાઇ-આંધ્ર રવાના

નવી દિલ્હી, તા.૭

દેશનાં સર્વોચ્ચ બંધારણિય હોદ્દા પર સત્તારૂઢ થયા બાદ તેમની પ્રથમ સત્તાવાર મુલાકાતમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી આવતીકાલે બે દિવસની યાત્રા ઉપર તમિલનાડુ અને આંધ્રપ્રદેશ જવા રવાના થશે. મળેલી માહિતી મુજબ ચેન્નાઈ અને આંધ્રપ્રદેશની બે દિવસની યાત્રા દરમિયાન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી વિશ્વ પ્રસિદ્ધ તિરૂપતિ મંદિરમાં દર્શન કરશે. સત્તાવાર નિવેદમાં જણાવવામાં આવ્યું છે કે ભારતનાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી બે દિવસની યાત્રાએ આવતીકાલે નવી દિલ્હીથી રવાના થશે. રાષ્ટ્રપતિ બન્યા બાદ દિલ્હી બહાર તેઓ પ્રથમ વખત જઈ રહ્યા છે. ચૈન્નઈમાં તેઓ મદ્રાસ હાઈકોર્ટનાં એક કાર્યક્રમમાં હાજરી



આપશે. તેઓ મદ્રાસ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજીત એક કાર્યક્રમને પણ સંબોધન કરશે. રાષ્ટ્રપતિ તિરૂપતિ મંદિરમાં ખાસ પુજા કરશે. તિરૂપતિમાં ભગવાન વેકટેશ્વરનાં તેઓ દર્શન કરશે. રવિવારનાં દિવસે તેઓ તિરૂમાલા-તિરૂપતિ દેવાસ્થાનમનાં નંદકામ કોમ્પ્લેક્ષનું ઉદ્‌ઘાટન પણ કરશે. તેમનાં કાર્યક્રમનાં ભાગરૂપે તેઓ ધર્મગીરીમાં પણ મંદિર સંકુલનાં ભાગરૂપે જશે. પ્રણવ મુખર્જીએ ૨૫મી જુલાઈનાં દિવસે રાષ્ટ્રપતિ બન્યા હતા. પ્રણવ મુખર્જી બે દિવસની યાત્રા સમેટીને રવિવારનાં દિવસે નવી દિલ્હી પરત ફરશે. રાષ્ટ્રપતિની ચુંટણીમાં પ્રણવ મુખર્જીએ સાંગમાંને હાર આપી હતી.

પ્રણવ મુખર્જી જંગી અંતરથી જીતી ગયા હતા. પ્રણવ મુખર્જીને યુપીએનાં તમામ સાથી પક્ષોએ ટેકો આપ્યો હતો. પ્રણવ મુખર્જી યુપીએનાં ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતર્યા હતા. જ્યારે સાંગમા એનડીએનાં ઉમેદવાર તરીકે ઉતર્યા હતા.

## કોલસા કાંડ સંદર્ભે કેગનાં અહેવાલને છુપાવાશે નહીં

મુંબઈ, તા.૭

સંસદનું મોનસુન સત્ર ધાંધલધમાલ વચ્ચે ખોરવાઈ ગયા બાદ વડાપ્રધાન મનમોહનસિંહે રાષ્ટ્રને નામ સંબોધનમાં કહ્યું હતું કે કોલસા બ્લોક ફાળવણીનાં મામલે કેગનાં અહેવાલને છુપાવવામાં આવશે નહીં. તેમાં ઉઠાવવામાં આવેલા તમામ પ્રશ્નો પર ચોક્કસપણે કાર્યવાહી કરવામાં આવશે. વડાપ્રધાને કહ્યું હતું સાંપ્રદાયિક તંગદીલી, જાતિય હિંસા, નક્સલવાદ સામે લડી રહેલા દેશની સામે આતંકવાદ પણ મોટો ખતરો છે. તેમણે ઉમેર્યું હતું કે રિપોર્ટ પર ચર્ચા વગર કેગને મજબુતિ મળી શકે નહીં અને આ વિષય ઉપર સંસદમાં ચોક્કસપણે ચર્ચા કરાવવામાં આવશે. સિંહે આશા વ્યક્ત કરી હતી કે સંસદનાં આગામી સત્રમાં કાર્યવાહી નિયમિત રીતે ચાલશે. સિંહે કહ્યું હતું કે ભાજપે લોકશાહીને સંપુર્ણપણે ફગાવી દીધી છે. સિંહે લોકોને કહ્યું હતું કે અડચણ ઉભી કરનાર આ વર્તન સામે કાર્યવાહી થવી જોઈએ. સંસદીય રાજનીતીનો ગંભીરપણે ભંગ થયો છે. સિંહે કહ્યું હતું કે કોલસા બ્લોક ફાળવણી પર કેગનાં અહેવાલ પર ચર્ચા થવી જોઈતી હતી. વિપક્ષે કાર્યવાહી ખોરવી નાખવાનો વિષય પસંદ કર્યો હતો. સંસદનું આ સત્ર અર્થવગરનું રહ્યું છે. સિંહે કહ્યું હતું કે અમે કેગ જેવી સંસ્થાનું સમ્માન કરિએ છીએ પરંતુ આના ઉપર ચર્ચા પણ જરૂરી છે. ભાજપનાં નામનો ઉલ્લેખ કર્યા વગર સિંહે કહ્યું હતું કે કેગનાં અહેવાલનાં સંબંધમાં ચર્ચા કરવાની સંસ્થાકિય પરંપરાનો ફાયદો નહીં ઉઠાવવાનાં વિકલ્પને વિપક્ષે પસંદ કર્યો હતો. ૧૩ દિવસ સુધી ધાંધલ ધમાલ થઈ હતી.

## બાંદ્રા-કુર્લામાં લાગેલી આગ પર આખરે કાબુ

મુંબઈ,તા.૭

મુંબઈનાં બાંદ્રા-કુર્લા સંકુલમાં લાગેલી આગ પર સંપુર્ણપણે કાબુ મેળવી લેવામાં આવ્યો છે. બીજીબાજુ આગનાં વધતા જતાં બનાવને ધ્યાનમાં લઈને મહારાષ્ટ્ર સરકારે ૧૦૦ નવા ફાયર સ્ટેશન સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો છે. બાંદ્રા-કુર્લામાં આજે સવારે એફઆઈએફસીની ઈમારતનાં ૧૨માં માળ ઉપર આગ ફાટી નિકળી હતી. નિર્માણ હેઠળ રહેલા આ ઈમારતમાં કામ કરી રહેલા ૧૦ મજુરોને બચાવી લેવામાં આવ્યા છે. બે કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવવામાં ફાયરબ્રિગેડને સફળતા મળી હતી. ૧૦થી ૧૨ જેટલા મજુરો આંતરિક કામગીરીમાં વ્યસ્ત હતા ત્યારે આ બનાવ બન્યો હતો. આ ઈમારત હજુ ઓપરેશનલ થઈ નથી. પોલીસ અધિકારી ચંદ્રકાન્ત ભોંસલે દ્વારા આગનાં સંબંધમાં માહિતી આપવામાં આવી હતી. આગને કાબુમાં લેવા માટે ૧૬ એરિયલ લેડર પ્લેટફોર્મ મુકવામાં આવ્યા હતા. ૭ ફાયર ટેન્ડરોની મદદ પણ લેવામાં આવી હતી. ઘણાં વોટર ટેન્કરોની પણ મદદ લેવામાં આવી હતી. સવારે ૧૦.૪૫ વાગે ૧૨માં માળે આગ ફાટી નિકળી હતી. દરમિયાનમાં મહારાષ્ટ્ર સરકારે ૧૦૦ નવા ફાયર સ્ટેશન સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો છે. મહારાષ્ટ્રનાં ફાયર ડિપાર્ટમેન્ટે કહ્યું છે કે શહેરી વિસ્તારોમાં આ ફાયર સ્ટેશન સ્થાપિત કરવામાં આવશે. જ્યારે કોઈપણ પરિસ્થિતીમાં પહોંચી વળવા રાજ્યનાં ઔદ્યોગિક પટ્ટામાં ૧૦ ફાયર સ્ટેશન સ્થાપિત કરવામાં આવશે. સરકાર ૨૮૫ કરોડ રૂપિયા આપી ચુકી છે. જેનો ઉપયોગ ૧૦૦ વધુ ફાયર સ્ટેશન સ્થાપિત કરવામાં આવશે. રાજ્યનાં ફાયર સર્વિસનાં ડિરેક્ટર વી દેશમુખ દ્વારા આ મુજબની માહિતી અપાઈ છે

## સોનાની ખરીદીમાં ૧૫ ટકાનો નોંધપાત્ર ઘટાડો

નવી દિલ્હી,તા.૭

સોનાની કિંમત રેકોર્ડ ગતિએ વધી રહી છે. સોનાની કિંમત વધતાં માગમાં ઘટાડો થાય તે સ્વાભાવિક છે. ઊંચી કિંમતના કારણે સોનાની ખરીદી કરવામાં લોકો ખચકાટ અનુભવ કરી રહ્યા છે. મૂડીરોકાણ અને જ્વેલરીના સ્વરૂપમાં સોનાની ખરીદી વર્ષ ૨૦૧૨ના પ્રથમ છ મહિનામાં ૧૫ ટકા સુધી ઘટી ગઈ છે. જો આ જ સ્થિતિ રહેશે તો સોનાની ખરીદીમાં હજુ પણ ઘટાડો થશે. કારણ કે ઊંચી કિંમત નડી રહી છે. ભારતના લોકો સોનાને ખૂબ જ પસંદ કરે છે છતાં કિંમતોમાં વધારો થતાં હવે અડચણો આવી રહી છે. બીજી બાજુ આરબીઆઈએ પણ વધતી જતી કિંમતો વચ્ચે સોનામાં મૂડીરોકાણ આડેધડ ન કરવાની સલાહ આપી છે. આરબીઆઈનું કહેવું છે કે સાવધાનીપૂર્વક આગળ વધવામાં આવે તે જરૂરી છે. ઉતાવળમાં કોઈપણ નિર્ણય મુશ્કેલી સર્જી શકે છે.

## ઉત્તરપૂર્વમાં ૪.૨ની તીવ્રતાની સાથે ભૂકંપનો આંચકો અનુભવાયો

શિલોંગ, તા.૭

ભારતના ઉત્તર પૂર્વીય ભાગોમાં ૪.૨ની તીવ્રતાનો હળવો ભૂકંપનો આંચકો અનુભવાયો હોવાના અહેવાલ મળ્યા છે. જો કે આના લીધે જાનમાલના નુકસાનના કોઈપણ અહેવાલ મળ્યા નથી. ભૂકંપનો આંચકો ૧૧.૫૭ વાગે અનુભવાયો હતો. શિલોંગમાં ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યું છે કે મેઘાલયના પશ્ચિમ ખાસી હિલ્સ જિલ્લામાં ભૂકંપની કેન્દ્ર હતું. કેટલાક લોકોએ આંચકાનો અનુભવ પણ કર્યો હતો. મેઘાલય ઉપરાંત આસામમાં પણ ભૂકંપનો આંચકો લોકોએ અનુભવ્યો હતો. અન્ય જે રાજ્યોમાં ભૂકંપનો આંચકો આવ્યો હતો તેમાં મણિપુર, નાગાલેન્ડ અને અરુણાચલ પ્રદેશનો સમાવેશ થાય છે. ભારતના ઉત્તર પૂર્વીય વિસ્તારને વિશ્વના છઠ્ઠા સૌથી ભૂકંપ પ્રભાવિત પટ્ટા તરીકે ગણવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સપ્તાહની શરૂઆતમાં જ રિક્ટર સ્કેલ ઉપર ૩.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો. આસામના મોરી ગામમાં આ આંચકો આવ્યો હતો. તાજેતરના મહિનાઓમાં વારંવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે. જો કે આના લીધે જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ મળ્યા નથી. પરંતુ આ આંચકાઓ આવ્યા બાદ લોકોમાં દહેશત જોવા મળી છે. વૈજ્ઞાનિકો પણ વારંવારના આંચકા બાદ સંશોધન કામગીરીમાં જોડાઈ ગયા છે. મોડી રાત્રે ઉત્તર પૂર્વીય ભાગોમાં આંચકા બાદ પણ શોધખોળ હાથ ધરવામાં આવી હતી. જો કે કોઈ નુકસાનના અહેવાલ મળ્યા ન હતા.

## સમાચાર ઝલક

- ડીસામાં તસ્કરોનો તરખાટ, એક જ રાતમાં દસ દુકાનો તોડી, પ્રજામાં ફફડાટ.
- મીડિયા મહાસંમેલન ૨૦૧૨ તા. ૨૧ થી ૨૪ સપ્ટેમ્બર આબુમાં યોજાશે. ૩૦૦૦ મીડિયા મહાનુભાવો ઉપસ્થિત રહેશે.
- પાકિસ્તાન સામેની એક વનડે અમદાવાદમાં રમાય તેવી શક્યતા.
- દીયોદરમાં એસટી ડેપોમાં બાલિકાઓના મફત પાસમાં ઉઘરાણું.
- આજથી બીગ-બીનો "કૌન બનેગા કરોડપતિ" શો શરૂ થયો.
- કોલસા કૌભાંડ - સીબીઆઇના દરોડા પણ ફિક્સીંગ, બે દિવસ પહેલાં વિગતો ફૂટી ગઇ હતી : અરવિંદ કેજરીવાલ.
- દેશમાં ૪.૩૪ કરોડ ખેડૂતો દેવામાં ફસાયેલા છે, સસ્તી કૃષિલોન તથા વ્યાજ રાહતની યોજના લંબાવી રૂા. ૧૧૦૦૦ કરોડના પેકેજની જાહેરાત.
- ઉમરેઠમાં મહિલા મામલતદાર તથા તલાટી રૂા. ૫૦ હજારની લાંચ લેતાં ઝડપાયા.
- બ્રિટનમાં વધી રહ્યા છે હિન્દુ અને મુસ્લિમ, ઓછા થતાં ખ્રિસ્તી.
- સાબરમતી જેલમાં માયાબેન કોડનાની ગાયનેક ડોકટર તરીકે મહિલા કેદીઓની સારવાર કરશે.
- ઉતરપ્રદેશના મુઝફ્ફરનગરમાં એક યુવાનની છાતી પર જન્મથી ભારતનો નકશો.
- કમાતી પત્નીને ભરણપોષણ ભથ્થું નહીં મળે : અલ્હાબાદ હાઇકોર્ટ
- ગુજરાતમાં મગફળીનું વાવેતર ઘટ્યું, સીંગતેલનો ભાવ 'તેલ' કાઢશે.
- ઓરિસ્સામાં કોંગ્રેસનો વિધાનસભાનો ઘેરાવો, કોંગ્રેસી-પોલીસને ઇજા.
- પશ્ચિમ બંગાળમાં બસ નદીમાં ખાબકી, મુસાફરોના મોતની શંકા વધુ.
- આને કહેવાય કુદરત !! ઓસ્ટ્રેલિયામાં ૧૨ સંતાનોની માતાએ એકી સાથે પાંચ બાળકોને જન્મ આપ્યો.
- અમેરિકામાં સમોસાની ૧ પ્લેટ રૂા.૨૭૫, બે નંગ ગુલાબજાબુંના રૂા. ૩૮૫, અમેરિકામાં ભારતીય વાનગીનો ભાવ.
- સુનિતા વિલિયમ્સએ ટુથબ્રશથી સ્પેશ સ્ટેશનને બચાવ્યું, જેની કિંમત ખર્બો રૂપિયાની હતી, અભિનંદન.
- ગુજરાતમાં ચૂંટણી લોહિયાલ બનાવવા દાઉદનાં ભયાનક પેંતરા.
- પ્રથમ ડ્રીમ લાઇનર વિમાન અમેરિકાથી શનિવારે ભારત આવી જશે.
- સૂરત, માંડવી, ઉકાઇમાં સૂર્ય પુત્રી તાપી બે કાંઠે છલોછલ.

## આગવો માણસ - આપણો માણસ

• બીજા પાનાનું અનુસંધાન

પોતાની રીતે અને પોતાના ખર્ચે તૈયાર કર્યા છે. આ ઉપરાંત પાન, ગુટકા, તમાકું અને ધૂમ્રપાનથી થયેલા રોગોથી પીડાતા દર્દીઓના ફોટાનું આલ્બમ પણ તૈયાર કર્યું છે. વ્યસનીઓને તેઓ ચાર્ટ વંચાવે છે અને ફોટાઓ દેખાડે છે. સાથોસાથ પોતાનું ઉદાહરણ આપી દૃઢ મનોબળથી વ્યસનમુક્તિ રાક્ષસથી મુક્ત થવાની ટીપ્સ આપે છે અને સંકલ્પ લેવડાવે છે કે હું આજીવન કોઈપણ પ્રકારનું વ્યસન કરીશ નહીં તથા બીજા કોઈપણ વ્યસન કરતા હશે તો તેમને પણ વ્યસન છોડી દેવા સમજાવીશ. તેઓ થીયરીમાં માનતા નથી. પ્રદીપભાઈ કહે છે કે પ્રેકટીકલ સમજાવવા માટે સ્વાનુભવથી મોટો કોઈ શિક્ષક નથી (પ્રદીપભાઈ પાસે તો સ્વાનુભવનો મોટો ખજાનો છે. ) તેઓ સામુહિક આયોજન કરતાં વ્યક્તિગત સંપર્કમાં વધુ માને છે. પેટ્રોલપંપ, શાકમાર્કેટ, શોપીંગ સેન્ટર, થીયેટર, બાગ-બગીચા કે જાહેર સ્થળોએ પાન બીડી ગુટકાના વ્યસનીઓ જોવા મળે તેની પાસે ચાલીને જઈ વ્યક્તિગત રીતે સમજાવે છે કે વ્યસન છોડવાથી કોઈ દુખી થયું નથી કે વ્યસન કરવાથી કોઈ સુખી થયું નથી. આપણે વ્યસનોને વળગ્યા છીએ, વ્યસન આપણને વળગ્યું નથી! તેઓ એક રજીસ્ટર નિભાવે છે. તેમાં વ્યસનીઓના નામ, સરનામા ઉપરાંત ટેલિફોન નંબર હોય છે. સમયાન્તરે ટેલિફોન દ્વારા ફોલોઅપ પણ રાખે છે. નશાબંધી મંડળની સાથે રહીને જાહેર સ્થળોએ વ્યસનમુક્તિના નિદર્શનો કરવા ઉપરાંત સંસ્થાગત શિબિરો પણ યોજે છે. આ સેવાયજ્ઞ હેઠળ આજસુધીમાં તેઓએ ૨૦૦થી વધુ યુવાનો આ પ્રકારે વ્યસનમુક્ત કર્યા છે. વ્યસનને લાગે વળગે છે ત્યાં સુધઈ ગુજરાતના મુખ્યમંત્રી જેટલી જ ચિંતા પ્રદીપભાઈની પણ છે. વ્યસનમુકત સ્વર્ણિમ ગુજરાતનું નિર્માણએ પ્રદીપભાઈનું સ્વપ્ન છે!

પ્રદીપભાઈ વાળો તો તેવા છે એટલે બીજા શબ્દોમાં એમ કહી શકાય કે કોમળ છે. તેઓ છેલ્લા વીસ વર્ષથી પક્ષીઓને ચણ નાંખે છે. તેમના દીલની કોમળતાની વિશેષ પ્રતિતિ કરાવતો એક બનાવ ૨૦૦૮માં બન્યો. ઉતરાયણની સવારે લોકો ધાબા પર ચિચિયારી સાથે પતંગ ચગાવવાની મજા લઈ રહ્યા હતા. ત્યારે પ્રદીપભાઈ બે બ્લોક વચ્ચે પતંગની દોરીમાં ફસાઈને છૂટવા માટે તરફડિયા મારતાં કબૂતરને કેવી રીતે બચાવી શકાય તેની ચિંતામાં વ્યગ્ર હતા. છૂટવાના પ્રયાસોમાં કબૂતર કાચ પાયેલા દોરામાં વધારે ફસાતું જતું હતું. જો કે નિર્દોષ કબૂતરને બચાવી શકાયું નહીં પણ પ્રદીપભાઈને રેસ્કયુ માટે આવેલા ગાંધીનગરના પક્ષીપ્રેમી ચૈતન્ય નિમાવતનો પરિચય કરવાની તક મળી. પ્રદીપભાઈનો પક્ષીપ્રેમ તેમને ચૈતન્યભાઈના નેજા નીચે ઈન્દ્રોડા પાર્કમાં ચાલતી બર્ડ રેસ્કયુની સઘન પ્રવૃતિ સુધી દોરી ગયો. છેલ્લા ચાર વર્ષથી પ્રદીપભાઈ આ સેવાકાર્યમાં સક્રિય છે. વર્તમાનપત્રોના માધ્યમથી તેમનો ફોન નંબર ગાંધીનગરના પ્રત્યેક ઘરમાં પહોંચ્યો છે. ઉતરાયણ વખતે બર્ડ રેસ્કયુ સંબંધી ઘણા ફોન કોલ્સ આવે છે. તેઓ તુરત જ ઘટના સ્થળે પહોંચી જાય છે. હસ્તગત કૌશલથી ફસાયેલા પક્ષીને છોડાવે છે. ઘાયલ પક્ષીને ઘરે લાવીને પારણામાં બાળકને પોઢાડતા હોય તેટલા પ્રેમથી એક બાસ્કેટમાં મૂકે છે. તાત્કાલિક સારવારના ઔષધો તેઓ ઘરમાં રાખે છે. પ્રાથમિક સારવાર કરતાં આવડી ગયું છે. જરૂર પડ્યે પશુ ચિકત્સક પાસે પણ લઈ જાય છે. તેઓ કહે છે કે મોટાભાગના કોલ્સ કબૂતર માટેના હોય છે પણ કબૂતર ઉપરાંત હોલા, બ્લેક આઈબીસ વિગેરે પ્રકારના પક્ષીઓને બચાવી લઈ, સ્વસ્થ કરીને મુકત ગગનમાં ફરીથી ઉડાડવાનો આનંદ સ્વર્ગની કલ્પનાના આનંદ કરતા અનેકગણો વધારે છે!

ગાંધીનગરના સત્તાવાર સાપ પકડનારાઓમાં પ્રદીપભાઈનું નામ નથી છતાં બર્ડ રેસ્કયુ ટીમના સભ્ય હોવાને નાતે ક્યારેક કોઈના ઘરે સાપ નીકળે તો પ્રદીપભાઈને ફોન કરે છે. પ્રદીપભાઈ કહે છે કે હું નાનો હતો ત્યારથી મને સાપ જોવો ગમતો. શેરીમાં આવતા મદારીને લોટના બદલામાં સાપને હાથમાં આપવાની માંગણી કરતો. સાપની સુંવાળપ પ્રદીપભાઈના બાળમાનસને ઠીકઠીક રોમાંચિત કરતી. મદારી ડરાવતો. સાપ બચતું ભરી લેશે! પણ બાળ પ્રદીપના મગજમાં એક તર્ક ઉછળી ઉછળીને કહેતો કે સાપ મદારીને નથી કરડતો તો મને કેવી રીતે કરડી શકે ? બાળકની જીદ આગળ મદારી અંતે ઝૂકી જતો. સાપ રમાડવા મળતો. સાપનો ડર બાળપણથી જ આ રીતે દૂર થઈ ગયો હોવાને કારણે આજે તેઓ કુશળતાપૂર્વક સાપ પકડી શકે છે.

એકલપંડે વ્યસનમુક્તિ અભિયાન ચલાવનારા, અનોખા પક્ષીપ્રેમી અને કુશળ સર્પ પકડનારા પ્રદીપભાઈ આપણા ગાંધીનગરનું છૂપું રતન છે.

તલપ લાગી નશાની, બોજ દિલનો ટાળવા માટે,
ઢળી છે સાંજ તારી યાદને પંપાળવા માટે !... ગુલામઅબ્બાસ 'નાશાદ'

## સંસારીક સમસ્યાઓનું આધ્યામિક સમાધાન

(પાના નં. ૪ નું ચાલુ)

કોઈ જીવ પ્રત્યે વેરભાવ કે કટૂતા ન રાખો. તમને જે મળ્યું છે એમાં સંતોષ રાખો, વિવેક જાળવો, ઈચ્છાઓ ઉપર અંકુશ રાખો. તમારા વિચારો સુંદર રાખો. એનાથી તમારૂં આરોગ્ય પણ સારૂ રહેશે. તમારા પાપો પેટ પૂરતા સિમિત રાખો, પેટી પટારા ભરવા સુધી એને ન ફેલાવો. ભાગ્ય સૌથી વધારે બળવાન છે, ત્યાં પુરૂષાર્થ પણ નબળો પડે છે. જે તમારા પ્રારબ્ધમાં નથી તે તમને કોઈ સંજોગોમાં નહીં મળે. પરમાત્માએ બતાવેલ માર્ગ મુજબ ચાલો તો તમારા જીવનમાં કોઈ સમસ્યા નહીં આવે. તમારૂ વલણ એવું છે કે બધી વસ્તુ જરૂરીયાત કરતાં વધારે હોવી જોઈએ. એને લીધે બધી તકલીફો શરૂ થાય છે. ભોજન કરતી વખતે પણ તમે જરૂરીયાત હોય એના કરતાં વધુ ઉપયોગ કરતા હો છો. દેખા દેખીને કારણે તમારે ઘણા ખોટા ખર્ચાઓ થતા હોય છે. એ પણ તમારા આર્તધ્યાનનું એક કારણ બને છે. દરરોજ ફ્રીઝના ઠંડા પાણીનો ઉપયોગ કરવાને કારણે ક્યારેક કેન્સર થઈ શકે છે. જે આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશવા માટે તમને બાધક બની શકે છે. પહેલાના વખતમાં માટીના નાના માટલીમાં પાણી સરસ ઠંડુ થતું હતું, આજે પણ એનો ઉપયોગ કરવામાં આવે તે હિતાવહ છે. ભૌતિકવાદ પાછળની તમારી આંધળી દોડ તમને શાંતિ નહીં આપે. એ અશાંતિ તમે જાતે જ ઉભી કરી છે. રજાના દિવસે મોટા ભાગે તમે હોટલમાં જતા હો છો. એના બધા ખર્ચા ઓછા કરી નાંખો તો પેટ ભરવા માટે બહુ પાપ નહીં કરવા પડે. જેમ જેમ રોગ વધશે તેમ તેમ આધ્યાત્મિક ક્ષેત્રમાંથી દૂર થતા જશો. લોભ તમારી બધી પવિત્રતાનો નાશ કરે છે. માટે લોભ ઉપર નિયંત્રણ રાખો. સાત્વિક જીવન જીવ, પ્રસન્નતાથી જીવો. જરૂરીયાતો ઓછી કરો. જ્યાં પ્રદર્શન હશે, દેખાદેખીનો ભાવ હશે ત્યાં સ્વદર્શન કયારેય નહીં થાય. જીવન નિર્વાહ માટે જેટલું જરૂરી હોય એટલો ઉપયોગ રાખો અને જે તમારી પાસે છે એનો પણ વિવેકપૂર્ણ ઉપયોગ કરો. ફાલતું ખર્ચા બંધ કરો, દેખા દેખી બંધ કરો. કર્મવાદને સમજો. એવું નહીં થાય તો મનમાં રાવ દ્વેશ પેદા થશે અને વેરની પરંપરા ચાલશે. સ્વાધ્યાય દ્વારા આત્મ ચિંતન કરો. કોઈને બેવકુફ બવાનીને તમે શ્રીમંત નહીં બની શકો. તમારી બુધ્ધિ અને શક્તિનો આધ્યાત્મિક ક્ષેત્રમાં ઉપયોગ કરો. કદાચ વર્તમાન જીવનમાં આનંદ મળી જાય તો પણ એ ભવાંતરમાં તમને દુઃખ આપ્યા વગર નહીં રહે એવું એનુ પરિણામ હોય છે. સ્વાર્થી બુદ્ધિથી તમારી બુદ્ધિનો દુરપયોગ ન કરો. એવું કર્યા પછી તમે ક્યાં જઈને બચશો એ અંગે વિચાર કરો. પોલીસ સ્ટેશન, ઈન્કમટેક્સ અને હોસ્પિટલમાં તમને પરમાત્મા આપો આપ યાદ આવતા હોય છે.